

P.07

યુઝવેન્દ્ર ચહલના નામે યુઝરની ટિપ્પણી પર આરજે મહવાશ ગુસ્સે થઇ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૦૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : વૈશાખ વદ ૧૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 304 • Dt.08-06-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

જાહ્નવી તથા સિદ્ધાર્થની ફિલ્મ પરમસુંદરીની રીલિઝ ઠેલાશે




આસામમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીર । ૪.૪૩ લાખથી વધુ લોકો પ્રભાવિત



07

08 JUNE- 2025 SUNDAY



07

પાકિસ્તાન પાસે હાલમાં કોઈ એર ડિફેન્સ બચ્યું નથી ચીન પાકિસ્તાનની સેનાને મજબૂત બનાવવામાં વ્યસ્ત






**કોઈપણ ઘટના બને ત્યારે ગ્રાહક સાથે સમાધાન કરી લેવામાં આવે છે**

### છેલ્લા એક વર્ષમાં અમદાવાદની ફાઈવ સ્ટાર હોટેલથી માંડીને નાની હોટેલ અને રેસ્ટોરન્ટમાં જીવાતો નીકળવાની ઘટનાઓ સામે આવી । અમદાવાદની કુલ ૩૬૨૮ ખાણીપીણીની હોટેલ, રેસ્ટોરેન્ટસ અને સ્ટ્રીટ ફૂડના રજીસ્ટર્ડ આઉટલેટમાંથી માત્ર ૧૦ ટકા હોટેલોએ પણ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ મેળવ્યું

# અમદાવાદની ૯૦ ટકા હોટેલ-રેસ્ટોરાં પાસે પેસ્ટ કંટ્રોલના સર્ટિફિકેટ જ નથી

### ત્રણ હજારથી વધુ હોટલોમાં જીવાતોને નિયંત્રિત કરવાની કોઈ પોલીસી નથી । માત્ર મૌખિક જ ધ્યાન રાખવાનું જણાવી દેવામાં આવે છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં ઓક્ટન્ટ પીઝા રેસ્ટોરન્ટમાં ગુલાબજાંબુની ચાસણીમાં જીવડું નીકળતા કોર્પોરેશન દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં એવી હતી. છેલ્લા એક વર્ષમાં અમદાવાદની ફાઈવ સ્ટાર હોટેલથી માંડીને નાની હોટેલ અને રેસ્ટોરન્ટમાં જીવાતો નીકળવાની ઘટનાઓ સામે આવી છે. અમદાવાદની કુલ ૩૬૨૮ ખાણીપીણીની હોટેલ, રેસ્ટોરેન્ટસ અને સ્ટ્રીટ ફૂડના રજીસ્ટર્ડ આઉટલેટમાંથી માત્ર ૧૦ ટકા હોટેલોએ પણ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ મેળવ્યું છે. ત્રણ હજારથી વધુ હોટલોમાં જીવાતોને નિયંત્રિત કરવાની કોઈ પોલીસી નથી. માત્ર મૌખિક જ ધ્યાન રાખવાનું જણાવી દેવામાં આવે છે.અમદાવાદની જાણીતી રેસ્ટોરેન્ટના માલિક જણાવે છે કે, ‘દરેક હોટેલ અને રેસ્ટોરન્ટે પેસ્ટ કંટ્રોલ પોલીસી અનુસરવી જરૂરી છે. તેને લગતી એજન્સીઓ અને સ્વચ્છતાના ધોરણો છે. પરંતુ જે રીતે હોટલોમાં ગ્રાહકોનો ધસારો છે તેની સામે કોઈની પાસે સ્વચ્છતા જાળવવાનો સમય નથી રહેતો એ મોટી વિડંબના છે. મોટા ભાગે આવી કોઈપણ ઘટના બને ત્યારે ગ્રાહક સાથે સમાધાન કરી લેવામાં આવે છે.

**ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો**



વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં ૨૨૧૪ રેસ્ટોરન્ટ કેટેગરીની હોટલો હતી જેમાં ચાર ટકાનો વધારો થયો છે. વધતો જતો સ્વાદ રસિયાઓનો પ્રવાહ, હોટલના કિચનમાં નિયમિત સ્વચ્છતાનો અભાવ અને ટ્રેઈન્ડ સ્ટાફમાં શિસ્તના અભાવને કારણે અમદાવાદમાં વારંવાર જીવાતો અને વાસી ખાદ્ય પદાર્થોની ફરીયાદો આવી રહી છે. માત્ર સામાન્ય હોટેલો જ નહીં ઘણીવાર ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો જોવા મળી છેસપ્ટેમ્બર ૨૦૨૪માં શિવરંજની પાસે આવેલી અમદાવાદની જાણીતી ફાઈવ સ્ટાર હોટેલને હજુ થોડા મહિના પહેલાં જ ૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તો વસ્રાપુરની અન્ય એક ફાઈવ સ્ટાર હોટેલને થોડા મહિના પહેલાં જ ભોજનમાં જીવાત નીકળતા દંડનીય કાર્યવાહી સાથે ૪૮ કલાક હોટેલને બંધ રાખવામાં આવી હતી.

**વિસાવદર પેટાચૂંટણી : વિસાવદર મતવિસ્તારના મતદારોએ અસલી મિજાજ બતાવ્યો**

# લોકરોષના ડરથી ભાજપ ઉમેદવાર પ્રચારમાં જ ના જઈ શક્યા । પોલીસે લોકોને ધમકાવ્યાનો આરોપો

### ભેસાણના વાંદરવડમાં મંડળીનાં કૌભાંડમાં લોકો રજૂઆત કરવા એકઠાં થઈ જતાં પોલીસને બોલાવી ધમકાવડાવ્યાનો ધૂંધવાટ

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૭ ।

વિસાવદરના મતદારોએ તેમનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. ભાજપના ઉમેદવાર કિરીટ પટેલનો શુક્રવારે (છઠ્ઠી જૂન) સવારે ભેસાણના વાંદરવડ ગામે ચૂંટણીનો પ્રવાસ હતો. તેમાં વાંદરવડ ગામના સ્થાનિકો ઉપરાંત મંડળીનાં કૌભાંડનો ભોગ બનનાર તથા પોતાના સ્વજન ગુમાવનાર લોકો સવાલો પૂછે તેમ હતા. આ સ્થિતિની ઉમેદવાર અને ભાજપના આગેવાનોને જાણ થઈ જતાં પોલીસને બોલાવી લીધી હતી. પોલીસે રજૂઆતકર્તાઓને અટકાવ્યા હતા. મામલો વધુ ન બિચકે તે માટે ઉમેદવાર કિરીટ પટેલે વાંદરવડ જવાનું ટાળ્યું હતું. મંડળીનાં કૌભાંડમાં લોકો રજૂઆત કરવા એકઠાં થયા હતા અનેક સહકારી મંડળીઓમાં કૌભાંડ થયા છે. જેમાં ભેસાણ તાલુકાના વાંદરવડ, ધારી ગુંદાળી, છોડવડી સહિતના અનેક ગામના નિર્દોષ ખેડૂતો ભોગ બન્યા છે. મૃતક ખેડૂતોના નામે લોન લેવાઈ ગઈ, જેના મંડળીમાં ખાતા નથી તેઓના નામે લોન ઉધારાઈ ગઈ આવી સ્થિતિના કારણે થોડા સમય પહેલા વાંદરવડના એક ખેડૂતે આપઘાત કર્યો હતો. મંડળીના કૌભાંડોમાં ભાજપના આગેવાનો અને જેડીસીસી બેંકના ચેરમેન કિરીટ પટેલ સામે આક્ષેપો થઈ રહ્યા છે.

ભાજપના ઉમેદવાર તરીકે કિરીટ પટેલ શુક્રવારે સવારે વાંદરવડથી પોતાના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવાના હતા. આ અંગેની વાંદરવડના લોકોને જાણ થઈ જતા જે વ્યક્તિએ મંડળીના કૌભાંડના લીધે



આપઘાત કર્યો છે, તેના પરિવારજનો તથા ભોગ બનનાર અન્ય ખેડૂતો તેની રજુઆત માટે તેની રાહ જોઈ ઊભા હતા. કિરીટ પટેલ આવે તે પહેલાં ભાજપના અન્ય આગેવાનો વાંદરવડ પહોંચ્યા હતા. તેમને સ્થાનિકો ‘કિરીટ પટેલ ક્યારે આવે છે, તેને અમારે રજૂઆત કરવી છે, અમારે ન્યાય જોઈએ છે‘ એમ કહેતા હતા ત્યાં પોલીસના ધાડેધાડાં આવી ગયા હતા. પોલીસે રજુઆતકર્તાઓને ધમકાવ્યા હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે.

આ મામલો વધુ ઉગ્ર બને તેવી સ્થિતિ હોવાથી ભાજપના ઉમેદવાર કિરીટ પટેલે વાંદરવડ જવાનું ટાળ્યું હતું અને થોડીવારમાં ભાજપના આગેવાનો પણ ત્યાંથી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ સ્થાનિકોએ આ અંગે ‘આપ‘ના ઉમેદવારને જાણ કરતાં તે ત્યાં પહોંચ્યા હતા તથા આત્મહત્યા કરનારના પરિવારજનો અનેભોગ બનનાર અન્ય ખેડૂતો સાથે મુલાકાત કરી હતી.


વિસાવદરના મતદારોએ તેમનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. ભાજપના ઉમેદવાર કિરીટ પટેલનો શુક્રવારે (છઠ્ઠી જૂન) સવારે ભેસાણના વાંદરવડ ગામે ચૂંટણીનો પ્રવાસ હતો. તેમાં વાંદરવડ ગામના સ્થાનિકો ઉપરાંત મંડળીનાં કૌભાંડનો ભોગ બનનાર તથા પોતાના સ્વજન ગુમાવનાર લોકો સવાલો પૂછે તેમ હતા. આ સ્થિતિની ઉમેદવાર અને ભાજપના આગેવાનોને જાણ થઈ જતાં પોલીસને બોલાવી લીધી હતી.


**ભીમ અગિયારસના દિવસે ચાલતી જુગારની બાજી પર દરોડા**

# શહેર-જિલ્લામાં જુગારના ૧૯ બનાવોમાં ૯૪ જુગારી ઝડપાયા

### શહેરના બોરતળાવ તથા જિલ્લાના ગારિયાધાર, જેસર, મહુવા, પાલિતાણા, સિહોર પોલીસ મથકમાં ગુના નોંધાયા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૭ ।

શહેર અને જિલ્લામાં ભીમ અગિયારસના દિવસે જુગારના કુલ ૧૯ બનાવોમાં પોલીસે કુલ ૯૪ જુગારીઓને ભાવનગર પોલીસે કુલ રૂ.૧,૪૯,૪૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ શહેરના બોરતળાવ તથા જિલ્લાના ગારિયાધાર, જેસર, મહુવા, પાલિતાણા, બગદાણા, સિહોર સહિતના પ ોલીસ મથકમાં કુલ ૧૯ ગુનાઓ નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જુગારના બનાવોની મળતી વિગતો પ્રમાણે શહેરના ચિત્રા વિસ્તારમાં જુગાર રમતા મહેશ ખોડુ મકવાણા, અલ્પેશ ઈશ્વર કવા અને વિરભદ્રસિંહ રાજેન્દ્રસિંહ વાળાને રૂ.૪૨૨૦ સાથે બોરતળાવ પોલીસે ઝડપી ગુનો નોંધ્યો હતો. જિલ્લાના મહુવાના કરમદીયા ગામે જુગાર રમતા જીજ્ઞોશ ઓધડ ચાવડા, કિશન શંભુ મકવાણા, પ્રવિણ મંગા ચાવડા, અજય ઓધડ ચાવડા, ભોળા પુના માલમ, હસમુખ ઘુસા જાદવ, હમલુ લખમણ ગોહિલને ૧૧,૩૨૦ના મુદ્દામાલ સાથે બગદાણા પોલીસે, ગારિયાધારના માનગઢ ગામે જુગાર રમતા દિપક રવિશંકર ભટ્ટ, કિશોર રાણા મકવાણા, મહેશ અરવિંદ દુધરેજીયા, ગોરધન રાણા મકવાણા અને હંસરાજ પરશોત્તમ જાદવને ૩૨,૯૦૦ના મુદ્દામાલ સાથે ગારિયાધાર પોલીસે, જેસરમાં જુગાર રમતા ચાવડા સુમિત માવજી વાળા, પંકજ કેસા સોલંકી, મેહુલ બાબુ દવેરા, સોહિત રજાક મઢાઈ અને અરબાજ મુન્ના મઢાઈને રૂ.૧૦,૩૫૦ના મુદ્દામાલા સાથે મહુવા ગ્રામ્યા પોલસે ઝડપી લીધા હતા.



**ભાવનગર જિલ્લા પોલીસે કુલ રૂ.૧,૪૯,૪૪૦ના મુદ્દામાલ જપ્ત કર્યો**

પાલિતાણાના નાની પાણિયાળી ગામે જુગાર રમતા જયસુખ બાઘા પરમાર, જગદીશ કલા પરમાર અને સુરેશ ધરમશી રાઠોડને તથા અન્ય બનાવમાં પ્રવિણ બાઘા પરમાર, અજય ભરત પરમાર અને વિનુ દામજી વાઘેલાને પાલિતાણા ગ્રામ્ય પોલીસે ઝડપ્યા હતા. સિહોરના રાજપરા ગામે જુગાર રમતા શરદ બટુક રાઠોડ, રવિ બટુક બારૈયા, રણછોડ ભુપત બારૈયા, ઈશ્વર દુદા ચૌહાણ, દિનેશ બાબુ ચૌહાણ અને ધીરૂ નાગજી મકવાણાને તથા સિહોરમાં જુગાર રમતા રામ ભરત ખોખર, દિપક શાંતિ ખોખર, રવિ ઘુઘા પરમાર અને લાલા સુખા ચૌહાણને સિહોર પોલીસે ઝડપ્યા હતા. સિહોરના ઝરીયા ગામે જુગાર રમતા જગદીશ પોપટ મકવાણા, શૈલેષ અશોક જાદવ, પરેશ કાનજી જાદવ, લાલજી દામજી જાદવ, વિક્રમ ભરત જાદવ, જયરાજ જગદીશ મકવાણા અને રમેશ ખીમજી માથાસુળીયાને સોનગઢ પોલીસે રૂ.૧૧,૮૦૦ના મુદ્દામાલ સાથે, ઉમરાળાના હિતેશ બુધા કાળુ સોરઠીયાને રૂ.૧૦,૦૬૦ના મુદ્દામાલ સાથે વલ્લભીપુર પોલીસે ઝડપી લીધાં હતા.

## હળવદના ઢવાણા નજીક ૧.૨૨ લાખની લૂંટ મામલે બે સામે ગુનો

। પ્રતિનિધિ, હળવદ, તા.૭ ।

ઢવાણા ગામના પાટિયા નજીક સાધુના વેશમાં આવેલ ગઠિયાઓએ ખેડૂત પાસે રહેલ ઉપજની રકમ સહીત ૧.૨૨ લાખની રોકડની લૂંટ ચલાવી ફરાર થયા હતા. જે બનાવ મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે.






**૭૦ થી વધુ દબાણો દૂર કરવાનું શરૂ**

**ચોમાસામાં સ્થળાંતર ન કરવું પડે માટે પાલિકાનું નોટિસ આપી આગોતરૂ આયોજન**

# બોરસદમાં ગેરકાયદે ૧૦૦ થી વધુ ઝુંપડાં ઉપર બુલડોઝર ફેરવાશે-

। પ્રતિનિધિ, આણંદ, તા.૭ ।

બોરસદ પાલિકાના વોર્ડ નં.-૬માં ચોમાસામાં સ્થળાંતરની નોબત ન આવે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે વન તળાવની આસપાસ આવેલા ૧૦૦થી વધુ ઝૂંપડાં દૂર કરવા તંત્રએ નોટિસ ફટકારી છે. બોરસદના વોર્ડ નં.-૬માં વન તળાવમાં શહેરનું વરસાદી પ ાણી ભેગું થાય છે. ત્યારે ભારે વરસાદથી તળાવની ચારે બાજુ બાંધવામાં આવેલ ગેરકાયદે ૧૦૦ વધુ ઝુંપડામાં પાણી ઘૂસી જતા લોકોનું સ્થળાંતર કરવું પ ડે છે. જેની સાથે તેમને રહેવાથી માંડી



તમામ સુવિધાઓ આપવાની ફરજ પણ પડે છે. વરસાદ પૂર્ણ થયા બાદ ઝુપ ડાંમાં ફરી લોકો ડેરો જમાવી ગેરકાયદે વસવાસ શરૂ કરી દે છે. સતત ચાર વર્ષથી આ સંદર્ભે તંત્રને મહેનત પડી રહી છે. ત્યારે હાલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ બોરસદ નગરપાલિકા ઓફિસરે ૧૦૦થી વધુ ગેરકાયદે ઝુપડાં વાસીઓને નોટિસો ફટકારીને દબાણો તાત્કાલિક દૂર કરવાનો આદેશ કર્યો છે. ત્યારે આ વિસ્તારમાં રાજકીય કાર્યકરો પણ હવે આંટા-ફેરા મારતા થઈ ગયા છે અને પોતાની મત બેંક તૂટી ન જાય તે માટે અમે કોઈ પણ સંજોગોમાં દબાણ દૂર કરવા નહીં દઈએ તેવી હૈયાધારણા આપી રહ્યા છે. હાલ ત્રણ દિવસથી મોજરા તળાવમાં ૭૦થી વધુ દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરેલી છે. જે એકાદ દિવસમાં પૂર્ણ થયા બાદ વન તળાવમાં પણ નોટિસો આપી છે તેવા તમામ ગેરકાયદે દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવશે તેમ પાલિકા તંત્રએ જણાવ્યું છે. આણંદ જિલ્લાના સારસા ગામથી અડાસ કસુંબાડ ખડોલ પામોલ બોરસદ સહિત ૧૫થી વધુ ગામના કાંસનું પાણી બોરસદના વન તળાવમાં થઈને કંસારી તળાવમાં જતું હોય છે. ત્યાંથી ખંભાતના અખાતમાં જાય છે. કાંસની સફાઈ વખતે બહાર કાઢવામાં આવેલો કચરો- માટી કંસારીના તળાવમાં નાખી દેવામાં આવતા પૂરાણ થઈ ગયું છે. જેથી આ વર્ષે ભારે વરસાદમાં આખા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય તેવી ભીતિ છે.

## જામનગરમાં તારાણા ગામ પાસે 'હિટ એન્ડ રન' ના બનાવમાં ટ્રક હડફેટે ખેડૂત યુવાનનો ભોગ

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના તારાણાં ગામના પાટીયા પાસે હિટ એન્ડ રનના બનાવમાં એક ખેડૂત યુવાનને પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રકના ચાલકે કચડી નાખતાં અંતરીયાળ મૃત્યુ નીપજ્યું છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જોડિયા તાલુકાના તારાણાં ગામમાં રહેતા અને ખેતી કામ કરતા સુરેશભાઈ પુનાભાઈ જાદવ નામના ખેડૂતનો ભત્રીજો આર્યન કમલેશભાઈ જાદવ (ઉંમર વર્ષ ૧૮) કે જે પરમદિને રાત્રિના નવ વાગ્યાના અરસામાં તારાણા ગામના પાટીયા પાસે ઓવરબ્રિજ નજીકથી પસાર થઈ રહ્યો હતો. જે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલા જીજે ૮ વાય ૮૦૮૩ નંબરના ટ્રકના ચાલકે તેને હડફેટમાં લઈ કચડી નાખ્યો હતો, અને તેનું અંતરીયાળ મૃત્યુ નીપજ્યું હતું.

## વડોદરામાં આઇસરે બાઈકને ટક્કર મારતા બે યુવાનોના કરુણ મોત

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

વડોદરાના સાવલી તાલુકાના રાણીયા ગામ પાસે એક આઈસર ટ્રકે બાઈકને ટક્કર મારતા બાબરીના પ્રસંગમાં જતા બે યુવાનોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ અંગેની વિગત એવી છે કે ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં કંથરાઈ ગામે રહેતા મહેશ નરવતસિંહ ચૌહાણ ઉંમર વર્ષ ૩૫ તેમજ કેતન મહેન્દ્રસિંહ પરમાર ઉંમર વર્ષ ૧૯ બંને બાઈક લઈને ઘેરથી નીકળી વડોદરા નજીક આવેલા સાકરદા ગામે બાબરીમાં જતા હતા. તે વખતે રાણિયા ગામ પાસે મહાદેવ ત્રણ રસ્તા નજીક આવતા એક આઈસરે બાઈકને જોરદાર ટક્કર મારતા બંને યુવાનો રોડ પર ફંગોળાયા હતા અને બંનેના ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યા હતા અકસ્માત બાદ આઈસર મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો. બંનેના ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યા હતા અકસ્માત બાદ આઈસર મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો.

### ગંગા દશેરા એટલે કે જેઠ શુક્લા દશમીના માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ

# સોમનાથમાં ત્રિવેણી સંગમ ખાતે ગંગા દશેરાની ભક્તિમય ઉજવણી

**ગીર સોમનાથ જિલ્લા કલેકટર, અધિક કલેકટર સહિતના મહાનુભવો તેમજ સામાજિક અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા**

। પ્રતિનિધિ, ગીરસોમનાથ, તા.૭ ।

ગંગા દશેરા એટલે કે જેઠ શુક્લા દશમીના માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું હોવાનો શાોમાં ઉલ્લેખ છે. આ દિવસે ગંગામાતાના દર્શન અને આરતીનું અનેરૂ મહાત્મ્ય છે. પ્રભાસ ક્ષેત્રમાં જ્યાં હિરણ, કપિલા, અને સરસ્વતી નદીઓનું સમુદ્ર સાથે સંગમ થાય છે. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પ ોતાના બાંધવોની મુક્તિ માટે તર્પણ કર્યું હતું. તેવા સોમનાથના ત્રિવેણી સંગમ પર સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગંગા દશેરાની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. ગંગામાતાની અવતરણ પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગંગા અષ્ટકમ સ્તોત્રના પ ઠન સાથે બાલિકાઓએ શિવજીનો અભિષેક કર્યો હતો. નિર્મળ ગંગાજળ કળશમાંથી શિવજીની જટાઓ થકી પૃથ્વી પર પડે અને જલાધારી દ્વારા તે જળ ત્રિવેણીમાં સમાય તેવું ઉત્તમ આયોજન કરાયેલ. સાથે જ આપણી સંસ્કૃતિની ધરોહર એવા જલ સ્થાપત્યો સ્વચ્છ અને ગૌરવમય રહે તેના માટે ક્યારેય પણ નદી, કૂવા તળાવ વાવ કે સમુદ્રમાં કોઈપણ પ્રકારનો કચરો ન નાખવાની અને પ્રકૃતિને લક્ષમાં રાખીને પ ૂજા કાર્ય કરવાનો તમામે સંકલ્પ લીધો હતો. ત્યાર બાદ સાયં મહાઆરતી યોજાઈ હતી. જેમાં અલૌકિક ધુપ-દિપ સાથે ત્રિવેણી સંગમ ગુંજી ઉઠયુ હતુ. ટ્રસ્ટ પરીવાર,



સ્થાનીક તીર્થ પૂરોહિતો સહીત ભક્તો દ્વારા ત્રિવેણી માતાની આરતી ઉતારવામાં આવેલી હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લા કલેકટર, અધિક કલેકટર સહિતના મહાનુભવો તેમજ સામાજિક અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.ભક્તોએ મહાઆરતી કરી જળ સ્થાપ ત્યની સ્વચ્છતાની પ્રતિજ્ઞા લીધી : ગંગા અવતરણ પૂજા યોજાઈ, ગંગા અષ્ટકમ સ્તોત્રનાં પઠન સાથે કન્યાઓએ શિવજીની જટા પર ગંગાજલ અભિષેક કર્યોગંગા દશેરા એટલે કે જેઠ શુક્લા દશમીના માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું હોવાનો શાોમાં ઉલ્લેખ છે. આ દિવસે ગંગામાતાના દર્શન અને આરતીનું અનેરૂા મહાત્મ્ય છે. પ્રભાસ ક્ષેત્રમાં જ્યાં હિરણ, કપિલા, અને સરસ્વતી નદીઓનું સમુદ્ર સાથે સંગમ થાય છે. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના બાંધવોની મુક્તિ માટે તર્પણ કર્યું હતું. તેવા સોમનાથના ત્રિવેણી સંગમ પર સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગંગા દશેરાની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી.

## વડોદરાના કારેલીબાગમાંથી દારૂનું ગોડાઉન પકડાયું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

વડોદરાના કારેલીબાગમાં આમ્રપાલી કોમ્પ્લેક્ષની પાછળ વિઠ્ઠલ કૃપા સોસાયટીમાં રહેતો ભાવિન જાદવ વિદેશી દારૂનો ધંધો કરતો હોવાની માહિતી પીસીબી પોલીસને મળી હતી. જેથી પીસીબી પોલીસે ઉપરોક્ત સ્થળે રેડ કરતા ઘરમાંથી ભાવિન દિલીપ રાવ જાદવ (રહે-વિઠ્ઠલ કૃપા સોસાયટી, મૂળ રહે-નારાયણ કોમ્પલેક્ષ કારેલીબાગ) મળી આવ્યો હતો. તેની સાથે અન્ય આરોપી દેવ ઉર્ફે પીંશુ વિપુલભાઈ ચૌધરી (રહે-શિવાજી ચોક, સલાટ વાડા) પણ મળી આવ્યો હતો. મકાનમાંથી પ્લાસ્ટિકની ચાર ડોલ અને ડ્રમ મળી આવ્યા હતા જેમાં વિદેશી દારૂનો જથ્થો હતો. પોલીસે પૂછપ રછ કરતા દેવ ઉર્ફે પીંશુએ જણાવ્યું હતું કે કારેલીબાગ આરબીજી કોમ્પલેક્ષમાં રહેતો પીનેશ રાણા દારૂનો ધંધો ચલાવે છે અને માલની ડીલીવરી આપવા માટે તેણે મને કાર આપી હતી. મને માસિક ૧૫૦૦૦ રૂપિયા પગાર આપતો હતો. ભાવિનને માસિક ૩૦૦૦૦ રૂપિયા પગાર ચૂકવતો હતો. પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી દારૂની ૫૪૨ બોટલ કિંમત રૂપિયા ૧.૯૯ લાખ તથા બિયરના ૧૬૯ ટીન કિંમત રૂપિયા ૩૭,૧૮૦ મળી કુલ ૨.૩૬ લાખનો દારૂનો જથ્થો કર્યો છે. જ્યારે દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતી બે કાર અને રોકડા મળી કુલ ૪.૭૮ લાખનો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે.

### ૧૬૦૦ સ્ક્વેર મી.ના પ્લોટ પર ૧૦-૧૨ જેટલા બંધાયેલા ચાલી ટાઈપના મકાનો

# વડોદરાના કરોડિયા રોડ પર ફાયર સ્ટેશનના પ્લોટમાં ગેરકાયદે મકાનો : નોટિસ નહીં સ્વીકારતા જાહેર નોટિસ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

વડોદરા શહેરના ઉત્તર વિસ્તારના છેવાડે આવેલ ગોરવા કરોડીયા રોડ પર ફાયર સ્ટેશનનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૬૦૦ સ્ક્વેર મી.ના પ્લોટ પર ૧૦-૧૨ જેટલા બંધાયેલા ચાલી ટાઈપના મકાનો છે. આ પ્લોટ પર કરાયેલું અતિક્રમણ સ્વેચ્છાએ આગામી ત્રણ દિવસમાં તંત્ર દ્વારા તમામ મકાન ધારકોને નોટિસો આપ વામાં આવી હતી. પરંતુ અતિક્રમણ કરનારાઓએ નોટિસનો સ્વીકાર કર્યો નથી. પરિણામે તંત્ર દ્વારા ગમે ત્યારે આ અતિક્રમણ દૂર કરવામાં આવશે એવી ચેતવણી તંત્ર દ્વારા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે શહેરના ઉત્તર વિસ્તારમાં ગોરવા કરોડીયા રોડ પર તંત્ર હસ્તકનો ૧૬૦૦ સ્ક્વેર




મીટરનો પ્લોટ છે. ફાઈનલ પ્લોટ નં. ૧૦૮ વાળી સરકારી કોર્પોરેશનની જમીન ફાયર સ્ટેશનનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જોકે આ સરકારી વિશાળ પ્લોટમાં અતિક્રમણ-ગેરકાયદે દબાણ કરીને ચાલી ટાઈપ ૧૦-૧૨ પાકા મકાનો બનાવીને કેટલાક પરિવારો વસવાટ કરી રહ્યા છે. ગોરવા કરોડિયા રોડના સરકારી-કોર્પોરેશનના આ વિશાળ પ્લોટમાં તંત્ર દ્વારા ફાયર સ્ટેશનનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. પરિણામે આ પ્લોટ પર અતિક્રમણ કરનારા તમામને તંત્ર દ્વારા નોટિસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પ રંતુ અતિક્રમણ-દબાણ કરનારાઓએ આવી નોટિસ સ્વીકારી નથી. જેથી અતિક્રમણ-દબાણ કરનારાઓને આખરી જાહેર નોટિસથી તંત્ર દ્વારા જણાવાયું છે કે આગામી ત્રણ દિવસમાં પ્લોટમાં થયેલા અવરોધ દૂર કરીને જમીનનો કબજો ખુલ્લો કરવા જણાવ્યું છે. જોકે જાહેર નોટિસમાં એમ પણ જણાવાયું છે કે મુદત પૂરી થયા બાદ સ્વેચ્છાએ અતિક્રમણ-દબાણ દૂર કરવામાં નહીં આવ્યું હોય તો પાલિકા તંત્ર દ્વારા આગોતરી જાણ કર્યા વિના ફાઈનલ પ્લોટ નંબર ૧૦૮ વાળી જમીન ખુલ્લી કરવા અંગે કાર્યવાહી હાથ ધરીને બુલડોઝર ફેરવી દેવાશે. આ અંગે સર્જાત પરિસ્થિતિ અંગે પાલિકા તંત્ર જવાબદાર રહેશે નહીં તેમ ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર દ્વારા જણાવ્યું છે.

## અમદાવાદમાં વોન્ટેડ આરોપીની ધમકી, 'પોલીસ ધરપકડ કરશે તો પાંચમાં માળેથી કૂદી જઇશ'

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

ગુજરાતના અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પોલીસ અને આરોપી વચ્ચે એક ફિલ્મી દ્રશ્ય સર્જાયું છે. જેમાં વોન્ટેડ આરોપીને પકડવા પહોંચેલી આરોપીને પોલીસે પાંચમા માળેથી કૂદી જવાની ધમકી આપી છે. આ ઘટનાથી આસપાસના લોકો ભેગા થઈ ગયા છે. પોલીસ હાલ આરોપીને નીચે ઉતરવા માટે સમજાવી રહી છે અને તેની ધરપકડ માટે પ્રયાસ હાથ ધર્યા છે. જોકે, પોલીસ અને ફાયરની ટીમ દ્વારા એક કલાકથી વધુની ભારે જહેમત બાદ આરોપીને ઝડપી લેવાયો છે. સમગ્ર ઘટનામાં કોઈ દુર્ઘટના સર્જાઈ નથી.મળતી માહિતી મુજબ, અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પોલીસ એક વોન્ટેડ આરોપની ધરપકડ કરવા માટે શિવમ આવાસ યોજનાના ફલેટમાં પહોંચી હતી. આ આરોપીનું નામ અભિષેક તોમર હોવાનું સામે આવ્યું છે. આરોપીએ પહેલાં પોલીસથી બચવા માટે ભાગવાનો પ્રયાસ કર્યો હતો જોકે, તેમાં તે સફળ ન થતાં તેણે પાંચમાં માળેથી ગેલેરી દ્વારા બહારના ડક પર આવી ગયો હતો. અહીં પહોંચ્યા બાદ કોઈ રસ્તો ન દેખાતા આરોપીએ પોલીસને ધમકી આપવાનું શરૂ કરી દીધું હતુ. આરોપી પોલીસને ધમકી આપી રહ્યો હતો કે, જો તમે મારી ધરપકડ કરી તો હું પાંચમા માળેથી પડતું મૂકી આત્મહત્યા કરી દઈશ.

## વિકૃત આધેડનું દુષ્કૃત્ય : લિફ્ટમાં સગીરાને અડપલા કર્યા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

વડોદરાના પાદરા તાલુકામાં દિકરીની ઉંમરની સગીરા જોડે આધેડે ઘરની બહાર લિફ્ટમાં અડપલાં કર્યા હતા. એટલું જ નહીં સગીરા શાળામાં ભણવા જાય ત્યારે તે તેનો પીછો કરતો હતો, અને તેને આંખો અને હાથથી ગંદા ઈશારા કરતા મામલો પોલીસ મથક પહોંચ્યો છે.

પાદરા પોલીસ સ્ટેશનમાં મનોજ ભીખાભાઈ પટેલ (ઉં. ૪૨) (રહે.પાતળીયા હનુમાન રોડ, પાદરા) વિરૂદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જાન્યુઆરી માસમાં સગીરાના ઘર બહાર અડપલા કરીને વિકૃતિ આચરી હતી. ત્યાર બાદ સગીરા શાળામાં ભણવા જાય ત્યારે તે આવતા-જતા રસ્તા પર તેનો પીછો કરતો હતો. અને આંખો તેમજ હાથ વડે ગંદા ઈશારા કરીને સતામણી કરતો હતો. અપશબ્દો બોલી વાળ પકડીને માર માર્યો હતો.

સગીરાના ઘરની બહાર ઉભા રહીને અવાર નવાર સતત હોર્ન મારીને પરેશાન કરતો હતો. તેના ઘરે ઠપ કો આપવા જતા તેણે સગીરા જોડે ગેરવર્તણુંક કરી હતી. અને ગમે તેમ ગાળો બોલીને વાળ પકડીને માર માર્યો હતો. વડોદરાના પાદરા તાલુકામાં દિકરીની ઉંમરની સગીરા જોડે આધેડે ઘરની બહાર લિફ્ટમાં અડપલાં કર્યા હતા.



### ૧૭ લાખથી વધુના મેટ્રો કેબલની ચોરી

# મેટ્રો ટ્રેનના કેબલની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ । ગાંધીનગર LCBએ ૩૫થી વધુ ગુના ઉકેલ્યા

## સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે શંકાસ્પદ વાહનો ઓળખી ટીમ આરોપીઓ સુધી પહોંચી હતી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૭ ।

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) એ દેશના વિવિધ રાજ્યોમાં આવેલી મેટ્રો લાઈનની કેબલની ચોરીમાં સંડોવાયેલી કુખ્યાત આંતરરાજ્ય ''ખેકડા ગેંગ''ના ચાર મુખ્ય ઈસમોને ઝડપી લીધા છે. આ ગુનાઈત ગેંગે અત્યાર સુધીમાં ભારતના અનેક શહેરોમાં કુલ ૩૫થી વધુ મેટ્રો કેબલ ચોરીના ગુનાઓ આચર્યા છે, જેમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગરની સાથે દિલ્હી, પુણે, પનવેલ, ભોપાલ અને ઈન્દોરનો સમાવેશ થાય છે.

મેટ્રોના કેબલની ચોરીનો ગુનો બીજી જૂનના રોજ IPL મેચ દરમિયાન કોબા મેટ્રો સ્ટેશન નજીક બન્યો હતો જ્યાં ગેંગના ઈસમો રાતના સમયે ૧૭.૮૫ લાખ રૂપિયાની કિમતનો ૭૦૦ મીટર કેબલ કાપીને ચોરી ગયા હતા. LCB-1 અને LCB-2ની ચાર ટીમોએ એક સાથે કામગીરી શરૂ કરી હતી. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે શંકાસ્પદ વાહનો ઓળખી ટીમ આરોપીઓ સુધી પહોંચી હતી. આરોપીઓએ ચોરાયેલ કેબલ કલોલ ખાતે ભાડાના મકાનમાં છુપાવ્યા હતા.



પોલીસે કલોલ ખાતેના મકાનમાંથી ૩૬૮.૭ કિલો કોપર વાયર (કિંમત રૂ.૨.૯૫ લાખ), પ્લાસ્ટિક કવર (કિંમત રૂ.૧,૩૦૨), કિયા કેરેન્સ કાર, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૮.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ૫ કડી પાડવામાં આવેલા ચાર ઈસમોની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે, કુલ ૧૩ જેટલા વ્યક્તિઓની ટીમ મળીને આ ગુનાઓ આચરતી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ શાહપુર, ગ્યાસપુર સહિતના મેટ્રો સ્ટેશનોમાં કરેલી અગાઉની ચોરીઓની પણ કબૂલાત કરી છે.

આ ગુનાઈત ગેંગે દિલ્હીમાં ૧૪, પુણેમાં ૧૨, પનવેલમાં ૬ સ્થળે તેમજ ભોપાલ અને ઈન્દોરમાં પણ મેટ્રો કેબલની ચોરી આચરી હોવાનું સ્વીકાર્યું છે. આ આરોપીઓ અલગ શહેરોમાં જઈ હોટલમાં રોકાય છે, પછી ભાડે મકાન અને ફોર વ્હીલર કાર લઈ મેટ્રો લાઈન નજીક રેકી કરીને કેબલ કાપે છે. કેબલમાંથી કોપર વાયર અલગ કરી પેક કરીને ટ્રેન મારફતે દિલ્હી મોકલતા હતા.

પકડાયેલા આરોપીઓની ઓળખ ૩૨ વર્ષીય મુશરફ મુલેજાટ, ૨૧ વર્ષીય રાશીદ ધોબી, ૪૫ વર્ષીય રાશીદ અંસારી, ૩૩ વર્ષીય ઈરશાદ મલીક તરીકે થઈ છે. તમામ આરોપી મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી છે. પોલીસે આ આરોપીઓની દેશભરમાં થયેલા મેટ્રો કેબલ ચોરીને લઈને તપાસ હાથ ધરી છે. મેટ્રો મેનેજમેન્ટ સહિત અન્ય રાજ્યની પોલીસનો પણ સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) એ દેશના વિવિધ રાજ્યોમાં આવેલી મેટ્રો લાઈનની કેબલની ચોરીમાં સંડોવાયેલી કુખ્યાત આંતરરાજ્ય ''ખેકડા ગેંગ''ના ચાર મુખ્ય ઈસમોને ઝડપી લીધા છે. આ ગુનાઈત ગેંગે અત્યાર સુધીમાં ભારતના અનેક શહેરોમાં કુલ ૩૫થી વધુ મેટ્રો કેબલ ચોરીના ગુનાઓ આચર્યા છે, જેમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગરની સાથે દિલ્હી, પુણે, પનવેલ, ભોપાલ અને ઈન્દોરનો સમાવેશ થાય છે.

### પોલીસે તાત્કાલિક આરોપીને દબોચી ગઇ પૂછરપછ કરતાં તેણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો

# અમરેલીમાં પતિએ ગળું દબાવી પત્નીની કરી હત્યા, પર પુરૂષ સાથે સંબંધ હોવાની હતી શંકા

। પ્રતિનિધિ, અમરેલી, તા.૭ ।

અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં ખેતીકામ કરતા પરપ્રાંતીય ખેતમજૂરે પોતાની જ પત્નીની હત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે. પોતાની પત્નીના અન્ય પુરૂષ સાથે સંબંધ હોવાની શંકા રાખીને શ્રમિકે પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. પોલીસે તાત્કાલિક આરોપીને દબોચી ગઈ પૂછરપછ કરતાં તેણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં મધ્ય પ્રદેશના સંજયભાઈ મોહનીયા અને રેખાબેન મોહનીયા વાડીમાં ભાગિયા તરીકે કામ કરતા હતા. ગત રોજ (૬ જૂને) રેખાબેન મોહનીયાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસને જાણ થતાં પ ોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. જ્યાં મૃતક મહિલાના ગળાના ભાગે નિશાન મળી આવ્યા હતા. જેથી મહિલાની હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. મૃતક મહિલાના પિતાને પોતાના જમાઈ પર શંકા હોવાથી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેથી અમરેલી પોલીસે મૃતકના પતિની ધરપકડ કરી પૂછપરછ કરતાં આરોપી પતિએ પોતાનો ગુનો કબૂલ કર્યો હતો. તેણે કહ્યું હતું કે મારી પત્ની અન્ય પુરૂષ સાથે વાતો કરતી હતી અને આડા સંબંધો હોવાની શંકા હોવાથી મેં ગળું દબાવીને તેની હત્યા કરી છે.

## જામનગરનામાં રહેતા રિક્ષાચાલક યુવાન પર જુની અદાવતના કારણે હુમલો : ચાર સામે ફરિયાદ

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગરના કિસાન ચોક વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવતા ઉપરાંત સેન્ટીંગ કામ કરતા એક યુવાન પર જુની અદાવતના કારણે ચાર શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના કિસાન ચોક વિસ્તારમાં ઢોલીયા પીરની દરગાહ પાસે રહેતો અને રિક્ષા ચલાવતો તેમજ સેન્ટીંગ કામ કરતો સાજીદ વલી મોહમ્મદભાઈ નામના ૪૨ વર્ષનો યુવાન ગઈકાલે મહાપ્રભુજીને બેઠક પાસેથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન જૂની અદાવતનું મનદુ:ખ રાખીને પરેશભાઈ સતવારા અને તેના ત્રણ અજાણા સાગ્રીતોએ રીક્ષા ચાલકને રોકીને ઢોર માર માર્યો હતો, અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી સમગ્ર મામલા સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો અને ચારેય હુમલાખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જામનગરના કિસાન ચોક વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવતા ઉપરાંત સેન્ટીંગ કામ કરતા એક યુવાન પર જુની અદાવતના કારણે ચાર શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

## ગઢડા નજીક લક્ઝરી બસ અને છકડા વચ્ચે અકસ્માત, એકનું મોત, એક ઇજાગ્રસ્ત

। પ્રતિનિધિ, ગઢડા, તા.૭ ।

ગઢડા નજીક લક્ઝરી બસ અને છકડા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. લક્સરી બસે રિક્ષાને ટક્કર મારતાં એક મુસાફરનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે રિક્ષા ચાલકને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગઢડા નજીક મેઘવડીયા ગામના પાટીયા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. મેઘવડીયા ગામના પાટીયા પાસે ભાવસંગભાઈ મેર મુસાફરોની રાહ જોઈને ઉભા હતા. તે દરમિયાન એક ખાનગી લક્સરી બસે છકડાને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપ જ્યું હતું. જેની ઓળખ સુભાષભાઈ સાથળીયા (સાળંગપરડા) તરીકે થઈ છે. મૃતકના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે આ અકસ્માતમાં છકડા ચાલક ભાવસંગભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગઢડા નજીક લક્ઝરી બસ અને છકડા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. લક્સરી બસે રિક્ષાને ટક્કર મારતાં એક મુસાફરનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે રિક્ષા ચાલકને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગઢડા નજીક મેઘવડીયા ગામના પાટીયા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. મેઘવડીયા ગામના પાટીયા પાસે ભાવસંગભાઈ મેર મુસાફરોની રાહ જોઈને ઉભા હતા.






## તંત્રી લેખ...

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઈ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



### ભાવિ કેરિયર માટેનો માર્ગ ઇન્ટર્નશીપથી વધુ સરળ બની જાય છે...

**ઇન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઇફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે**

# ઇન્ટર્નશીપથી ખુબ મોટો લાભ

**આધુનિક સમયમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે જે જાણવુ ખુબ જરૂરી છે**

આધુનિક સમયમાં ઈન્ટર્નશીપ ભાવિ કેરિયરને સરળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો ઈન્ટર્નશીપનો સમય બચાવી લેવાના ચક્કરમાં કોલેજમાં ખોટા ઈન્ટર્નશીપ સર્ટિફિકેટ્ જમા કરી દે છે. આના કારણે આ વિદ્યાર્થીઓ માત્ર પોતાની સાથે જ વિશ્વાસઘાત કરતા નથી બલ્કે પોતાની કેરિયરને પણ નુકસાન કરે છે. આવા લોકો અને વિદ્યાર્થીઓને મોડેથી ઈન્ટર્નશીપનુ મહત્વ સમજાય છે. કેરિયર લાઈફમાં મોડેથી જ્યારે આ વાત સમજાય છે ત્યારે નુકસાન ખુબ મોટુ થઈ જાય છે. ઈન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે. આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઈન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઈફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે. ઈન્ટર્નશીપ મારફતે વિદ્યાર્થીઓને પોતાની નબળાઈ અને કુશળતાને સારી રીતે અન્યોની વચ્ચે સમજી લેવામાં મદદ મળે છે. અસલ દુનિયાનો અનુભવ થાય છે. ઈન્ટર્નશીપ કરવાની બાબત કેરિયરને વ્યવસ્થિત બનાવવાની દિશામાં પ્રથમ મહત્વપૂર્ણ પગલુ હોઈ શકે છે. કારણ કે તે વ્યક્તિને પ્રોફેશનલ લાઈફની એક ઝલક બતાવે છે. યુવાનોને



ઈન્ટર્નશીપ કરવા માટે કંપનીની પંસદગી કરતી વેળા ખુબ સાવધાની રાખવી જોઈએ. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી લાભ મળે છે. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી આપને ભવિષ્યમાં કેરિયરની પસંદગી કરતી વેળા લાભ મળે છે. જો તમે યોગ્ય કંપનીમાં સામેલ થઈ જાઓ છો તો આ બાબતની સંભાવના વધી જાય છે કે આપને સારી નોકરી મળી શકે છે. જો કોઈ વ્યક્તિ ઈન્ટર્નશીપના ગાળામાં સૌથી વધારે શિખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેના કારણે ખુબ મોટો ફાયદો મળી જાય છે. સામાન્ય રીતે આમારા લોકો પૈકી મોટા ભાગના લોકો એવા ક્ષેત્રમાં જાય છે જે અમારા સપના હોવાના બદલે અમારા માતા પિતા અને પરિવારના અન્ય સભ્યોના સપના હોય છે. જો કે સારી બાબત અને આદર્શ બાબત એ છે કે કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધતી વેળા કેરિયરને લઈને પોતે નિર્ણય કરવા જોઈએ. લોકો જે સલાહ આપે છે તે લેવામાં કોઈ વાંધો નથી પરંતુ એ વખતે પણ પોતાના મનની વાતને જ સમજી લેવામાં આવે તે જરૂરી છે. ઈન્ટર્નશીપ કરતી વેળા વિદ્યાર્થીને તક મળે છે કે વાસ્તવમાં બજારની દુનિયા શુ છે. અને શુ તે જગ્યા તેના ભવિષ્ય માટે યોગ્ય છે. ઈન્ટર્ન તરીકે કંપનીને જોઈન કરવાથી પ્રોફેશનલ માહોલમાં કામ કરવાની તક મળે છે. ઈન્ટર્ન તરીકે આપને માત્ર હાથમાં કોફી કપ લઈને જેમ તેમ ફરવાની તક મળતી નથી. બલ્કે આપને જીવનની વાસ્તવિક સ્થિતીની સામે આવવાની તક મળે છે. કેટલાક ઈન્ટર્નશીપના અવસર આપના કેરિયરને આધાર આપે છે. આપ પોતાના રસ અને મજા આવે તેવી કેરિયર સંભાવના મુજબ ઈન્ટર્નશીપની પસંદગી કરે તે જરૂરી છે. ઈન્ટર્નશીપથી આ અંદાજ લગાવવાની યોગ્યતા આવી જાય છે કે આ કામ એવુ છે જેમાં તે લાઈફમાં રહી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ઈન્ટર્નશીપ કેટલાક રીતે ઉપયોગી બને છે. ઈન્ટર્નશીપ મારફતે આપને કોઈ કંપનીમાં પગ મુકવાની જગ્યા મળે છે. એક બાબતને હમેંશા ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ કંપની ઈન્ટર્નશીપને રિક્રુટમેન્ટ ટુલ તરીકે ઉપયોગ કરે છે. પ્રોફેશનલ દુનિયામાં આ શિખવા માટેની જરૂર છે કે પોતાને કઈ રીતે રજૂ કરવામાં આવનાર છે. કોઈ પણ કંપની પોતાની સાથે એવા લોકોને જોડવાનુ પસંદ કરે છે જે સારી રીતે કામ કરવાનુ જાણે છે. ઈન્ટર્નશીપમાં ઈવેન્ટમાં હાજરી આપવાની તક તો મળે છે સાથે સાથે પ્રોફેશનલ લોકોને મળીને નવા કનેક્શન પણ બને છે. નેટવર્કિંગથી કેટલાક રેફરન્સ મળતા રહે છે. જે આવનાર પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ સાબિત થાય છે. જાણકાર લોકો એમ પણ કહે છે કે રેજ્યુમમાં ઈન્ટર્નશીપનો ઉલ્લેખ કરવાથી પણ ફાયદો થાય છે. અમારામાંથી મોટા ભાગના લોકો આ બાબતને પહેલાથી જ જાણે છે કે પરફોર્મન્સ જ પ્રોડક્ટ હોય છે. પહેલા કંપનીઓ આપના રિજ્યુમમાં જુએ છે કે આપની પાસે અનુભવ શુ છે. તમે પહેલા કોઈ કંપની સાથે જોડાયેલા હતા કે કેમ. જો તમે કોઈ કંપની સાથે જોડાયેલા રહી ચુક્યા છો તો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે.



### બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતી કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**

પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય



સુધીમાં કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે.

પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે.

બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકાસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે. પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા ંપણ સાબિત થઈ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે. કેટલાક બાળકો આને લઈને દુખી રહે છે. પિતા દ્વારા ઘરમાં મોટા ભાગે શિસ્ત રાખવામાં આવે છે.

ઘરમાં શિસ્ત રાખવા માટેની જવાબદારી પિતાની હોય છે. જેથી બાળકો કેટલીક વખત પરેશાન છે. તેમને પિડા થાય છે. જો કે પિતા બાળકોની લાઈફમાં હમેંશા લાભ કરાવે છે. પિતાની સાથે કોઈની તુલના શક્ય નથી. કારણ કે પિતા કોઈ પણ પરિસ્થિતીમાં બાળકોની ઈચ્છા પૂર્ણ કરવા માટે કટિબદ્દ રહે છે. બાળકોના જતન માટે પિતા રાતદિવસ કામ કરે છે.દર વર્ષે હવે તો ફાધર્સ ડે અને મધર ડે પણ ઉજવવામાં આવે છે. જે દરમિયાન આધુનિક સમયમાં તો માતાપિતાનુ બાળકો દ્વારા હવે સન્માન કરવામાં આવે છે. ઘરમાં જુદી જુદી રીતે આને મનાવવામાં આવે છે. આ પરંપરા મોટા ભાગે ભારતની બહાર જોવા મળે છે.

### સફળતા માટે ડરને બિલકુલ દુર કરો I સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફલોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર



તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



ભારતના મોટા ભાગોમાં ભારે વરસાદની આગાહી

# જૂન મહિનો શરૂ થતાં જ દેશના ઘણા રાજ્યોમાં ભારે ગરમી પડી રહી છે

। નવીદિલ્હી, તા.૭ ।

ભારતીય હવામાન વિભાગે તેની આગાહીમાં આગામી અઠવાડિયામાં ભારતના મોટા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડા અને વરસાદનો સમયગાળો ચાલુ રહેશે. આસામ અને મેઘાલય સહિત પૂર્વોત્તર રાજ્યોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડશે. ઘણી જગ્યાએ કરા પડવાની પણ શક્યતા છે.ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે છત્તીસગઢ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં અલગ અલગ સ્થળોએ વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદની આગાહી છે.દિલ્હી-એનસીઆરમાં વરસાદની કોઈ શક્યતા નથી. મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે.આઈએમડીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં દિલ્હીમાં ગરમી વધશે. તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે છે.આઈએમડીએ કહ્યું હતું કે, 'દિલ્હીમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૮ થી ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને ૨૫ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન સામાન્યની નજીક રહેશે અને મહત્તમ તાપમાન પણ સામાન્યની નજીક રહેશે.'હવામાન વિભાગે ઓડિશામાં ગરમીનું મોજું રહેવાની આગાહી કરી છે, જ્યારે પશ્ચિમ રાજસ્થાનમાં શનિવારથી સોમવાર સુધી ભારે ગરમી પડશે.


## દેશભરમાં ઈદ-ઉલ-અઝહાનો તહેવારની ઉજવણી

# મસ્જિદોમાં શાંતિ અને સમૃદ્ધિ માટે નમાઝ અદા કરવામાં આવી । સવારથી જ લોકો મસ્જિદોમાં ભીડ કરવા લાગ્યા હતાં

**મુંબઈના ગોરેગાંવમાં બે સોસાયટીઓમાં બકરી ઇદ પર કુરબાની અંગેના વિવાદ બાદ બીએમસીએ કુરબાનીની મંજૂરી આપી ન હતી । ગોરેગાંવ વિસ્તારમાં આજે પોલીસ તૈનાત કરવામાં આવી હતી**

। નવીદિલ્હી, તા.૭ ।

દેશભરમાં ઈદ-ઉલ-અઝહા એટલે કે બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો. આજે મસ્જિદોમાં ખાસ નમાઝ અદા કરવામાં આવી હતી.સવારથી જ લોકો મસ્જિદોમાં ભીડ કરવા લાગ્યા હતાં દિલ્હીની જામા મસ્જિદમાં પણ સવારથી જ લોકો બકરી ઈદ પર નમાઝ અદા કરી હતી.બીજી તરફ, યુપી સહિત દેશભરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. મસ્જિદો અને ઈદગાહની બહાર પણ પોલીસ એલર્ટ પર હતી



મુંબઈના ગોરેગાંવમાં બે સોસાયટીઓમાં બકરી ઈદ પર કુરબાની અંગેના વિવાદ બાદ બીએમસીએ કુરબાનીની મંજૂરી આપી ન હતી. ગોરેગાંવ વિસ્તારમાં આજે પોલીસ તૈનાત કરવામાં આવી હતી મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહાલીએ કહ્યું કે ઈસ્લામિક સેન્ટર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું બધાએ સંપૂર્ણ પાલન કર્યું. ક્યાંય પણ શેરીઓમાં નમાઝ પઢવામાં આવી ન હતી અને કુરબાની પછી પણ લોકો કાળજી લઈ રહ્યા હતાં

શ્રીનગર ઈદ-ઉલ-અઝહાના પ્રસંગે, પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ કહ્યું, "દુર્ભાગ્યપૂર્ણ છે કે આજે શ્રીનગરની જામા મસ્જિદને તાળા મારી દેવામાં આવ્યા છે. ઓમર ફારૂક સાહેબને ફરીથી નજરકેદ કરવામાં આવ્યા છે. આ ખૂબ જ ખોટું છે. આ માટે, હું અહીંની સરકારની નિંદા કરું છું. હું મારા વતી તમામ લોકોને ઈદ મુબારક પાઠવું છું." આગ્રામાં તાજમહેલની સામે ઈદ-ઉલ-અઝહાની નમાઝ અદા કર્યા પછી બાળકો એકબીજાને ગળે લગાવીને ઉજવણી કરી હતી

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું, "...હું બધાને ઈદની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું અને આશા રાખું છું કે આ ઈદ જમ્મુ અને કાશ્મીર, આ દેશ અને વિશ્વના મુસ્લિમો માટે સારા દિવસો, શાંતિ અને ભાઈચારો લાવે. આ પ્રસંગે, જ્યારે આપણે બધા ઈદની ખુશી ઉજવી રહ્યા છીએ, ત્યારે મને વ્યક્તિગત રીતે દુઃખ છે કે આજે ફરી એકવાર શ્રીનગરની ઐતિહાસિક જામા મસ્જિદમાં ઈદની નમાઝ અદા કરવાની મંજૂરી આપવામાં આવી નથી. મને ખબર નથી કે આ નિર્ણયો કયા આધારે લેવામાં આવ્યા છે, પરંતુ કોઈક સમયે આપણે આપણા લોકો પર વિશ્વાસ કરવો પડશે

